અપીલ અરજી નં.૨૯૭ તા.૨૧–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર ડી સી. ગાંધીના ફરજકાળ દરમ્યાન ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ થયેલ કામગીરી બાબત. (૧) સાઉથઝોન(ઉધના) માં જયારથી ડી.સી. ગાંધીએ કાર્યપાલક ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં ગેરકાયદે ઉભા થયેલ કેટલા બાંધકામો વિરુધ્ધ સાઉથઝોન(ઉધના) તરફથી કામ બંધ કરવા બદલ અથવા શો–કોઝ નોટીસ આપેલ છે? (બાંધકામ ધારકનું નામ બાંધકામનું સરનામું નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો)વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૭/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર ડી સી. ગાંધીના ફરજકાળ દરમ્યાન ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ થયેલ કામગીરી બાબત. (૧) સાઉથઝોન(ઉધના) માં જયારથી ડી.સી. ગાંધીએ કાર્યપાલક ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં ગેરકાયદે ઉભા થયેલ કેટલા બાંધકામો વિરુધ્ધ સાઉથઝોન(ઉધના) તરફથી કામ બંધ કરવા બદલ અથવા શો–કોઝ નોટીસ આપેલ છે? (બાંધકામ ધારકનું નામ બાંધકામનું સરનામું નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો)વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૧૦ તા.૩૧–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૮૮ તા.૩૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર, નં.સા.ઝોન/ટેક./૬૬૯ તા.૧૮–૧–૧૧ ના પત્રની નકલ તથા બાંધકામના લીસ્ટની યાદીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર ડી સી. ગાંધીના ફરજકાળ દરમ્યાન ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ થયેલ કામગીરી બાબત. (૧) સાઉથઝોન(ઉધના) માં જયારથી ડી.સી. ગાંધીએ કાર્યપાલક ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં ગેરકાયદે ઉભા થયેલ કેટલા બાંધકામો વિરુધ્ધ સાઉથઝોન(ઉધના) તરફથી કામ બંધ કરવા બદલ અથવા શો–કોઝ નોટીસ આપેલ છે? (બાંધકામ ધારકનું નામ બાંધકામનું સરનામું નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો) મુદ્દા નં.(૨) આ ગેરકાયદે ઉભા થયેલા બાંધકામો પૈકીના કેટલા ગરેકાયદે બાંધકામોનું ડી.સી. ગાંધીના અત્યાર સુધીના ફરજકાળ દરમ્યાન ઝોન તરફથી ડીમોલીશન કરવામાં આવેલ છે તથા આ ડીમોલીશન થયેલબ ાંધકામો પૈકીના કેટલા બાંધકામોના ડીમોલીશનમાં ડી.સી. ગાંધી ખુદ હાજર રહીને ડીમોલીશન કરાવેલ છે તેની બાંધકામધારકનું નામ, બાંધકામનું સરનામું ડીમોલીશન કર્યા તારીખ તથા જે જે બાંધકામધારક પાસેથી ડીમોલીશન બદલ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો તેની બાંધકામ વાઈસ વિગતવાર માહિતી આપો. મુદ્દા નં.(૩) ડી.સી. ગાંધીના અત્યાર સુધીના ફરજકાળ દરમ્યાન સાઉનઝોન (ઉધના) ધ્વારા ડીમોલીશન થયેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોને આપના વિભાગે ફરીથી બાંધકામ કરવા અંગેની પરમીશન આપી તેના નામ, સરનામાં પરવાનગી આપ્યા તારીખ તથા કઈ કઈ શરતોને આધિન પરવાનગી આપી તેની વિગતવાર માહિતી આપો. તેવી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૯ તા.૧૮–૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી વિના મૂલ્યે અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં સંદર્ભ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતીની વિગત ઉપલબ્ધ રેકર્ડ નીચે મુજબ છે. (૧) શ્રી ડી.સી.ગાંધીએ કાર્યપાલક ઈજનેર તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈ તા.૧૦–૧૧–૧૦ સુધીમાં ગેરકાયદેસર બાંધકામો વિરુધ્ધ સાઉથઝોન (ઉધના) તરફથી કામ બંધ કરવા બદલ શો કોઝ નોટીસ આપેલ છે. જેનું લીસ્ટ આ સાથે સામેલ છે. મુદ્દા નં.ર ઉપરોકત પૈકી કુલ–૧૩ બાંધકામોનું સાઉથઝોન(ઉધના) ધ્વારા ડીમોલીશન કરવામાં આવેલ છે. ઉપરોકત બાંધકામ પૈકી શ્રી ડી.સી. ગાંધીએ ખુદ હાજર રહીને ડીમોલીશન કરાવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા જણાતું નથી. તેની તેઓની અરજીના મુદ્દા નં.ર માં જણાવેલ વિગતો આપી શકાય તેમ નથી. (૩) તેઓની અરજીના મુદ્દા નં.૩ માં જણાવેલ વિગતો ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જેની સાથે સાઉથઝોન ઉધના તરફથી માહિતી અંગેનું પત્રકના

કોલમ અનુક્રમ નંબર, બાંધકામનું સરનામાના કોલમમાં ૧ થી ૩૪ મિલ્કતોની બાંધકામના સરનામાની વિગત ,નોટીસ આપ્યા તારીખ અને રીમાર્કસ ના પત્રકમાં જે મિલ્કતનું ડીમોલીશન થયેલ છે તેની વિગત દર્શાવેલ છે. વધુમાં અરજદારના મુદા નં.૧ માં ડીમોલીશન બદલ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હોય તેવી વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૨ અને ૩ અંગેની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર માહિતી આપવાની રહે છે

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ડીમોલીશન થયેલ છે તો તે અંગેના વહીવટી ચાર્જની વિગતો અરજદારને પૂરી પાડેલ ન હોઈ તેવી કોઈ વિગતો હોય તો દફતરી હકીકતલક્ષી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે. અન્ય મુદ્દાઓ અંગેની અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,